અતિ આનંદી ૪૮૩૨

ગપ-સપનો ફારસ.

પ્રગટ કર્ત્તા.

માસ્તર. નાલાલાલ મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખની પોળ.



અમદાવાદ

ગોળવાળાની ઓળે "વિજયપ્રવર્ત્તક" પ્રેસમાં

છાપી પ્રસિદ્ધ કર્યો.

સંવત્ ૧૯૪૮. સને ૧૮૯૧

કિમ્મત છ પાઇ.

હરીગીત છંદ.

રા. રા. શેઠ અમથાભાઈ જેઠાભાઈ.

મુ. કલોલ.

શેવા સમાધિ શાંતતાની, સદ્ય શોધી શેઠજી,
દરસ્યા મનો વિચાર વળતા, દેશ હિતના શ્રેષ્ઠજી;
અદ્યાપિ થાપી આદિ હિતથી, ચિત્ત બાળ સમાનમાં;
મદ્યાપ દેશીમાં મળીને, માન્ય લાવ્યા ભાનમાં.
થાવા સુખાકારી સકળ મળ, ટાળવા સૌ બાળને;
ભાવે ભમાવો ભવિક મન, કુવિચાર કાઢી કાળને;
ઇચ્છા અમારી જેટલી, તે તો વળી પોતે પૂરી,
જેવી રીતે એ જેષ્ટ શોધે, બોધવામાં બુદ્ધિ મળી;
ઠાર્યા થવાના જે નરો, દુર્બુદ્ધિમાં દમાતા ઘણા;
બારે કર્યા હિત કાજ નિજથી, રાખી નહિ પોતે મણા;
ઈશ્વર પરસ્પર પ્રેમનો, નિભાવશે એ આસથા;
આપુછું અર્પણ પત્રી આજે, રાખશો ઉત્સાહથી

લી. શુભેચ્છક.

માસ્તર. નાનાલાલ વિ. મગનલાલ.

અમદાવાદ—ગુસાપારેખની પોળ.

ગપ-સપનો ફારસ.



એક ગરીબ કારીગરને ઘણીજ રૂપાળી એક છોકરી હતી તે વારે ઘડીએ પોતાના બાપની સામે થતી હતી તેથી એક દિવસે તેણે રાજા પાસે જઇને કહ્યું કે, તેની છોકરીને ઘાસમાંથી કસબ બનાવતાં આવડે છે. રાજા સોનાનો ઘણોજ લોભી હતો તેથી બોલ્યો, જો તારી છોકરી એટલી બધી હુશીઆર છે તો એને કાલે મારા મેહેલમાં લાવજે આપણે તેની તપાસ કરીશું.

બીજે દહાડે કારીગર પોતાની છોકરીને મહેલમાં મુકી આવ્યો. રાજા તેને એક ઓરડામાં લઈ ગયો જ્યાં બધું ઘાસ ભર્યું હતું. ત્યાં તેને બેસાડીને કહ્યું કે, જર બનાવવાના બધા હથીઆરો અને આ ઘાસ પડયું છે તેમાંથી કાલ સવાર સુધી જર બનાવી નાખ. અને જો તેમ ન થયું તો તારો જીવ લઇશ. એમ કહી દરવાજો બંધ કરીને ચાલતો થયો.

ઘાસમાંથી જર કેમ બનાવવું તેના વિચારમાં તે છોકરી બેઠી રહી. તેને તે વિષે મુદલ ખબર ન હતી. આખરે તેણી રડવા લાગી. તેવામાં દરવાજો ઉઘડયો અને એક વહેંતીઓ માણસ દાખલ થયો. તે બોલ્યો સુંદર છોકરી તું શા વાસ્તે રડે છે ?

છોકરીએ ઊંચુ જોયા વગર જવાબ દીધો, આ ઘાસમાંથી

જર બનાવવું છે તે કેમ બનાવવું તે હુ જાણતી નથી.

નાના માણસે પુછ્યું, જો હું તે બનાવી આપું તો તું મને શું આપશે?

છોકરીએ જવાબ દીધો, મારા ગલાની સાંકલી આપીશ.

વહેંતીઓ તરતજ ચક્કર આગળ બેશી ગયો અને તેણે કાંતવા માંડ્યું. સવારના પહોર સુધી બધું ઘાસ તેણે જરના તારમાં બદલી નાખ્યું અને સાંકલી લઇને ચાલતો થયો.

સવારમાં રાજા આવ્યો તે આ પ્રમાણે બધા સોનાના તાર દીઠા ત્યારે તે ઘણોજ ખુશી થયો, પણ તેથી તેનો લોભ વધ્યો.

તે છોકરીને બીજા મોટા ઓરડામાં લઈ ગયો ત્યાં તેથી પણ વધારે ઘાસ ભર્યું હતું. છોકરીને કહ્યું કે, જો તારો જીવ બચાવવો હોય તો તારે તે કાંતી નાખવું.

રાજા દરવાજો બંધ કરીને ચાલતો થયો અને છોકરી પાછી રડવા લાગી. તરતજ તે વહેંતીઓ દાખલ થયો અને જો તે કાંતી આપે તો તેને શું આપશે એમ પુછ્યું. તે છોકરીએ તેને પોતાની વીંટી આપવા કબુલ કરી તેથી તે વહેંતીઓ કાંતવા લાગ્યો. આગલા દહાડાની માફક તેણે બધું ઘાસ કાંતી નાખ્યું.

બીજે દહાડે સવારના રાજા આવ્યો તે આ બધું જોઈને આશ્ચર્ય પામ્યો. હજી તેને વધારે લોભ થયો. તે છોકરીને બીજા ઓરડામાં લઇ ગયો. આ ઓરડો આગલા બે કરતાં

વધારે મોટો હતો રાજાએ તેને કહ્યું કે, આજ રાતમાં આ ઓરડામાના ઘાસને કાંતી રાખજે અને પછી હું તને મારી કરીશ. કારણ કે તારા કરતાં વધારે પૈસાદાર મને બીજી મલવાની નથી.

એમ કહી રાજા તો દરવાજો બંધ કરીને ચાલતો થયો. તરતજ વહેંતીઓ દાખલ થયો. તેણે પોતાની મેહેનતના બદલામાં શું આપશે તે માગ્યું. તે છોકરીએ જવાબ દીધો કે, હવે તેની પાસે આપવાને કાંઈ રહ્યું નથી. વહેતીઆએ કહ્યું કે, જો તું રાણી થાય અને તને પહેલું બાલક થાય. તે મને આપવા વચન આપે તો તારૂં કામ કરૂં.

છોકરીએ વિચાર્યું કે ભવિષ્યમાં શું થનારૂં છે તે કોણ જાણેછે. અને વળી પોતે તે કામ કરવાને અશક્ત હતી તેથી કબુલ કર્યું.

વહેંતીઓ તરતજ કાંતવા બેશી ગયો. સવારના રાજા આવીને જુએછે તો ઘાસમાંથી જર બનેલું દીઠું. તેણે પોતાના વચન પ્રમાણે તે કારીગરની છોકરીને પોતાની બાયડી કીધી.

લગનને એક વરસ થઇ ગયા પછી તે બાયએ એક સુંદર બાળકને જનમ આપ્યો. પેલો વહેંતીઓ તરતજ રાણી આગળ હાજર થયો અને પોતાનું વચન યાદ કરવા કહ્યું રાણીએ તેના કાલાવાલા કર્યા. તેને પોતાના રાજની બધી દોલત આપવા માગી પણ તેણે કબુલ ન કર્યું રાણી શોક કરવા લાગી.

વહેંતીઆએ તેને કહ્યું કે, હજી પણ હું તને એક છુટ આપુછું. ત્રણ દહાડામાં જો તું મારૂ નામ શોધી કાડશે તો હું તારા બાળકને નહિ લઊં.

રાણીએ તે કબુલ કરવાથી વહેંતીઓ ચાલી ગયો. રાણીએ નવાઈ જેવાં નામો મેલવાને પોતાના માણસો ચોફેર મોકલ્યાં. બીજે દિવસે વહેંતીઓ આવીને હાજર થયો અને રાણીને પૂછ્યું કે, તેણે તેનું નામ શોધી કાઢયું ? રાણી જેટલાં નાંમ પોતે જાણતી હતી તેટલાં બધાં કહ્યાં પણ વહેંતીઆ એ તો નામ મારૂં નથી એમ કહ્યા કર્યું. પછી બીજે દહાડે આવવાનું કહી બીજે દિવસે પણ રાણીએ નવાં મેલવેલાં નામો તેને કહી સંભલાવ્યાં પણ વહેંતીઆએ એક પણ નામ પોતાના તરીકે કબુલ ન કીધું. ત્રીજે દિવસે રાણીનો એક જાસુસ ખબર લઇ આવ્યો કે, આજ તો એક પણ નામ નવું નથી મલ્યું પણ એક પર્વત નીચે જુપડા આગલ એક નવાઈ જેવો માણુસ કુદતો કાંઈ બોલતો હતો અને વારે ઘડીએ મારૂ નામ હે ઈ હો હાં હે ઈ હો હાં એમ વારે ઘડીએ બોલતો હતો.

રાણીએ પુછ્યું કે, તે કેવો હતો ?

જાસુસે તેનું વર્ણન કરવાથી રાણીની ખાત્રી થઈ કે, તે તેજ હોવો જોઇએ. ત્રીજે દહાડે વહેંતીઓ પાછો આવ્યો. રાણીને તેણે પુછયું તેણે મારૂ નામ શોધી કાઢયું. રાણીએ કહ્યું તારૂં નામ વાલ.

વહેંતીઆએ જવાબ દીધો; ' નહિ.

' તારૂં નામ ભેખડો '

' નહિ. '

તારૂં નામ હે ઈ હોં હાં '

' તમને એક રાક્ષસે કહ્યું છે, એમ કહીને તે નાશી ગયો. રાણી તેનાથી છુટી અને પોતાના ધણી સાથે સુખમાં રહી.

જાહેર ખબર.

જો તમારે બીજાં રમુજી પુ[illegible]તક વાંચવાં હોયતો માસ્તર નાનાલાલ [illegible]લાલની. રતન પોળને નાકે આવેલી [illegible]નની એક વાર મુલાકાત લેવી.



છપાઈ બહાર પડી છે.

સંવત ૧૯૪૮ ની સાલની

ડાયરી! ડાયરી!

અથવા

નિત્ય નોંધ પોથી

વેપારી, દલાલો, નોકરો, દરેકને ઉપયોગી.

કિંમત. મોટીના ચાર આના.

,, નાનીના ત્રણ આના.

વેચનાર—માસ્તર. નાનાલાલ મગનલાલ.

અમદાવા[illegible]ોળને નાકે પાઘડીઓ

બાંધન[illegible]જોડે દુકાન નંબર

મદન વિલાસ.

વિર્ય સુધારવામાં, નાર્મદ થયેલાને મર્દાઈ આપવામાં ને ચાંદી, પરમીયો, તાવ વીગેરે અટકાવવામાં આ દવાએ ચમત્કારીક રીતે ફત્તેહમંદની પડાછે. કીમત ૨ ગોળીયોનો એક રૂપીયોજ. ઉપલે ઠેકાણેથી મળશે.